ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૧૨-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### કહો ચૂનીકાકા, ક્યાં ચાલ્યા?

ગાંધીવિચારને વરેલી પેઢીના આખરી માઇલસ્ટોન સમા સર્વોદય નેતા ચૂનીલાલ વૈદ્યનું ૯૭ વર્ષની પાકટ વયે અવસાન થયું છે ત્યારે એક સંપૂર્ણ સમર્પિત જિંદગી જીવી જનાર એ ભડવીરનો આત્મા એક સંપૂર્ણ નર્મદની જબાનમાં આવું જ કંઇક ઇચ્છે - 'નવ કરશો કોઇ શોક, રસિકડાં નવ કરશો કોઇ શોક.' અલબત્ત, વયોવૃદ્ધ જે જ્યોત પ્રગટાવીને એના અદના મશાલચી તરીકે આજીવન કાર્યરત રહ્યા તે હાથોહાથ અખંડ અજવાળાં પાથરતી રહે - અન્યાય અને સાંપ્રદાયિકતા સામેનો જંગ વિજય પર્યંત જારી રહે, એટલું તો એ જરૂર ઇચ્છતા હોય. ચૂનીકાકા આપણી પેઢી સામે ગાંધી વિચારનો મૂર્તિમંત આદર્શ બનીને જીવ્યા અને મર્યા છે. એમણે આસામથી લઇ મેઘરજના અંતરિયાળ વનવાસી પ્રદેશમાં કરેલું લોકતપ એ ભવિષ્યની પેઢીઓ માટેનું યાદગાર સંભારણું છે. ગુજરાત લોકસમિતિના પ્રમુખ તરીકે એમણે પ્રજાના સુખદુ:ખની વાત સત્તાસ્થાને બેઠેલા શાસકો સુધી પહોંચાડવાનો પુરુષાર્થ કર્યો છે બલકે જરૂર પડ્યે સત્તાના નશામાં ચૂર ચૂંટાયેલી સરકારો સામે સત્યાગ્રહો અને આંદોલનોનું પણ રણશિંગુ ફૂક્યું છે. ગાંધી આશ્રમના 'હેરિટેજ' દરજ્જાની આણ આપીને એમને ગાંધીકાળની ઇમારતોને બચાવવા છેક સર્વોચ્ચ અદાલત સુધી લડત ન આપી હોત તો બનવા જોગ કે વિકાસની લાયમાં સાબરમતી આશ્રમની ભૂગોળ જ બદલાઇ ગઇ હોત. અગરિયા મજૂરોના પ્રશ્નો હોય કે ભૂમિહીન ખેતમજૂરોના, આદિવાસીઓના વનપેદાશો સંદર્ભના સવાલો હોય - ચૂનીકાકાએ પડતી બૂમે દોડી જઇને એ વંચિતો-શોષિતોના હક્ક માટે અવાજ બુલંદ કરવામાં ક્યારેય પાછી પાની કરી નથી. એમણે કનુભાઇ કળસરિયાના ભૂમિ આંદોલનને મજબૂત પીઠબળ પૂરું પાડ્યું હતું તેમ કટોકળીકાળમાં ઇંદિરાશાઇ સરમુખત્યારશાહી સામે 'ભૂમિપુત્ર'ના તંત્રી તરીકેની કપરી જવાબદારીય નિભાવી જાણી હતી. આવા ચૂનીલાલાને લોકસમિતિ અને સર્વોદય પરિવાર દ્વારા લોકશાહીના આદર્શો આગળ કરી એમની તપોભૂમિ મેઘરજની બેઠક પર અપક્ષ ઉમેદવારી કરાવવાનો પ્રયોગ હાથ ધરાયો ત્યારે એક તદ્દન અજાણ્યા, અમદાવાદના નરોડા વિસ્તારમાં ખાનગી શાળા ચલાવતા શિક્ષકે ફક્ત એની જ્ઞાતિના સંખ્યાબળ અને કોંગ્રેસના પંજાના નામ પર કારમી શિકસ્ત આપી હતી. લોકશાહીના રખેવાળો પ્રત્યે લોકોની સૂઝબૂઝ કે લાગણી કેવી અને કેટલી - એનું એ નેત્રદીપક ઉદાહરણ હતું. ચૂનીકાકાએ આજીવન ભેખધારી તરીકે ગાંધી ચીંધ્યા માર્ગે પોતાને ઠીક લાગ્યું તેવું કામ ચાલુ રાખીને એક સાચા સ્વાતંત્ર્ય સેનાનીને છાજે એવું સમર્પિત જીવન ગાળી આપણી સામે દાખલો બેસાડ્યો છે. ગાંધી માર્ગના એમના જેવા બીજા એક માઇલસ્ટોન અને ઝંડાધારી નારાયણ દેસાઇની તબિયત પણ હમણાં નરમ-ગરમ રહ્યા કરે છે. સમયના પ્રવાહમાં ઘણું બધું બદલાતું રહે છે એમ યુગપુરુષ મહાત્મા ગાંધીને પણ અપ્રસ્તુત કરી દેવાના કારસા રચાઇ રહ્યા છે તેવા સમયે આ ગાંધીવિચારને વરેલી વિભૂતિઓની હાજરી ખૂબ જરૂરી લાગે. ચૂનીકાકાએ છેલ્લા શ્વાસ પર્યંત ગાંધી વિચાર સેવ્યો છે. એમની વિદાય ટાણે પ્રગટતા ખાલીપામાં સહજભાવે સવાલ કરવાનું મન થાય - સિતાંશુ યશશ્ચંદ્રના નાટકના શીર્ષકની મરડઠરડ કરીને દિવંગત લોકપુરુષને ગદ્ગદ સ્વરે પૂછી જ લઇએ : કહો ચૂનીકાકા, ક્યાં ચાલ્યા? - તમારી તો અહીં ઘણી જરૂર હતી.



### સર્વ વિદ્યાલય કેમ્પસમાં બાલોત્સવ-રમતોત્સવ યોજાયા

સે. ૨૩માં સર્વ વિદ્યાલય કેમ્પસ ખાતે આવેલ વી.એમ. કુમાર અને એચ.વી. કન્યા બાલ મંદિરમાં તાજેતરમાં પ્લે ગૃપ અને જુનિયર કેજીના ભુલકાઓનો બાલોત્સવ તેમજ સિનિયર કેજી, જુનિયર કેજીના બાળકોનો રમતોત્સવ યોજાયો હતો. બાલોત્સવ કાર્યક્રમમાં નાના ભુલકાઓએ સુંદર વેશભુષા તેમજ અભિનય સાથે બાળગીતો રજૂ કર્યા હતા. રમતોત્સવમાં તમામ બાળકોએ વિવિધ રમતોમાં ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ, મંડળ ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ નરસિંહભાઈ, ક્રિએટીવ ઝોનના ઈન્ચાર્જ કિરણબેન પટેલ, ભગીની સંસ્થાના આચાર્યા સુધાબેન પટેલ, દીનાબેન ડોડીયા અને હસુમતીબેન રામીએ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

## એચ-ટાટ પરીક્ષાની આન્સર કી વેબસાઈટ પર અપલોડ

### આન્સર કી સાથે પોતાના જવાબો સાચા છે કે કેમ તે અંગે અનુમાન વ્યક્ત કરી શકાશે : પરિણામ ટૂંક સમયમાં જાહેર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત શનિવારનાં રોજ આચાર્ય બનવા માટેની એચ-ટાટની પરીક્ષા લેવામાંઆવી રહી હતી આચાર્ય બનવા માટે ફરજીયાત એસી આ શિક્ષક અભિયોગ્યતા કસોટીની પ્રોવિઝનલ આન્સર કી શિક્ષણ બોર્ડની વેબસાઈટ ઉપર મૂકવામાં આવી છે એચ.ટાટની પરીક્ષા આપનાર ઉમેદવારો બોર્ડની વેબસાઈડ ઉપરની આન્સર કી સાથે પોતાના જવાબો સાચા છે કે ખોટા તે અંગેઅમુમાન વ્યક્ત કરી શકશે જ્યારે એચ-ટાટની પરીક્ષાનું પરીણામ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. ગત શનિવારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રાર્થમીક શાળાઓમાં આચાર્ય બનવા માટેનો ફરજીયાત એવી એચ-ટાટની પરીક્ષા લેવામાં આવી હતી રાજયમાં અમદાવાદ સહિત કુલ નવ ઝોનમાં એક સાથે લેવામાંઆવેલી એચ-ટાટની પરીક્ષા કુલ નોંધાયેલા ૧૧૧૨૨ ઉમેદવારમાંથી ૭૭૭૨ ઉમેદવારો ઉપસ્થિત રહયા હતા જ્યારે ૩૩૪૦ ઉમેદવારો ઘેર હાજર રહયા હતા ત્યારે આજે આ આચ-ટાટની પરીક્ષા ની પ્રોવેઝનલ આન્સરકી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈડ ઉપર મૂકવામાં આવી છે આ આન્સરકી સાથે પોતાના ઉત્તરોને સરખામણીને ઉમેદવારો પોતાના પરીણામ અંગે અનુમાન લગાવી શકશે પરંતુ જો વેબસાઈડ ઉપર મૂકવામાં આવેલ આન્સર કી માં કોઈ વાંધો હોય તો ઉમેદવારો શિક્ષકો આગામી તારીખ ૨૬ ડીસેમ્બર સુધીમાં જરૂરી આધાર પુરાવા સાથે શિક્ષણ બોર્ડની કચેરીએ રૂબરૂ હાજર રહીને રજુઆત કરી શરશે બાદ આવેલ રજુઆતોને શિક્ષણ બોર્ડ દ્વારા ધ્યાને લેવામાં આવશે બીજી બાજુ આન્સર કી વેબસાઈડ ઉપર અપલોડ કરવાની સાથે જ ઉમેદવારોની ચકાસવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે આ ઉમેદવારોઓ ચકાસણીનું કામ પૂર્ણ કર્યો બાદ ટૂંક સમયમાં એચ-ટાટની પરીક્ષાનું પરીણામ જોહેર કરી દેવામાં આવશે.

## હરિની દૃષ્ટિ...




અને ખાસ, તમારી વિદેશી મહેમાનોનાં ડ્રાઇવર તરીકે ડ્યૂટી છે... એ લોકો કાંઇ પણ પીવે ત્યારે... તમારી લાળ ન પડવી જોઇએ...!

## ફેકલ્ટી ઓફ એજ્યુકેશન દ્વારા લઘુકથાની વિભાવના-રચના અંગે શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સે. ૨૩માં આવેલ કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલ ફેકલ્ટી ઓફ એજ્યુકેશન અને મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે લઘુકથાની વિભાવના અનેરચના વિશે શિબિર યોજવામાંઆવી હતી. આ શિબિરમાં વિદ્યાર્થીઓને લઘુકથાની લાક્ષણિકતાઓની જાણકારી મળી રહે અને લઘુકથાનું લેખન કાર્ય કરે તે હેતુથી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આરંભે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ સમારંભના મુખ્ય મહેમાન રમેશભાઈ ત્રિવેદીનો પરિચય આપી લઘુકથાક્ષેત્રે તેમણે આપેલા પ્રદાન વિશે માહિતી આપી હતી. ત્યારબાદ લઘુકથા એટલે શું, લઘુકથામાં કથાવસ્તુ, પાત્રાલેખનકલા, ભાષાશૈલી, સંવાદકલા અને સંઘર્ષ કેવો હોવો જોઈએ તેના વિશે ઝીણવટપૂર્વક માહિતી આપી લેખકે પોતાની સ્વરચિત લઘુકથાનું પઠન કર્યુ હતુ. આ કાર્યક્રમમાં નર્સિંગ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડૉ આર. જે.વ્યાસ અને ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમના મિતેષ મોદી ઉપસ્થિત રહ્યા હતા.



### ચૈતન્ય સ્કૂલમાં ખેલોત્સવ-૨૦૧૪ની ઉજવણી કરાઈ

ગાંધીનગરના લેકાવાડા ખાતે આવેલ ચૈતન્ય સ્કૂલનો ખેલોત્સવ-૨૦૧૪ તા. ૨૦મી ડિસેમ્બરે યોજાયો હતો. આ ખેલોત્સવમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના ડાયરેક્ટર અને આંતરરાષ્ટ્રીય હેન્ડ બોલ ટીમના પૂર્વ કપ્તાન આર.કે. નાયડુ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે તેમના ખેલાડી પિતા ડૉ. કામેન્દ્રસિંગ પણ હાજર રહ્યા હતા. આ ખેલોત્સવની શરૂઆત નાના બાળકોની માસ-ડ્રીલ દ્વારા કરાઈ હતી. તેમજ રેસનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ખેલોત્સવમાં પાકિસ્તાનના પેશાવરમાં આંતકવાદી હુમલામાં માર્યા ગયેલા બાળકોને શ્રદ્ધાંજલિ અપાઈ હતી અને આંતકવાદ વિરૂદ્ધ શપથ લેવામાં આવ્યા હતા. ત્યારબાદ ધો. ૫ થી ૧૦ના વિદ્યાર્થીઓએ માર્ચ પાસ કરી હતી. આ કાર્યક્રમમાં શાળાના ડાયરેક્ટર ઈલિઝાબેથ કોશી, ટ્રસ્ટી નલીની સુબ્બારાવ, એડવાઈઝર ડૉ. વી.વી.આર. સુબ્બારાવ, સી.કે. કોશી અને આચાર્યા પ્રિતા પિલ્લાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ ખેલોત્સવમાં બાળકોએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમને શાળાના સ્પોર્ટસ શિક્ષક ડૉ.લીલા અને હાઉસ સિસ્ટર્સે ટ્રેનિંગ આપી હતી.

## બીબીએ કોલેજમાં પ્લેસમેન્ટ શિબિર યોજાઈ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કેમ્પસની બી.બી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશનમાં આજે સવારે ૧૦થી ૧૨ વાગ્યા દરમ્યાન પ્લેસમેન્ટ શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં કોલેજના ૪૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લેવાયા હતા. અને તેમાંથી પસંદગી પામેલ વિદ્યાર્થીઓને માસિક રૂ. ૨૫,૦૦૦ના માતબર પગારથી નોકરીઓ આપવામાં આવશે.

બીબીએ કોલેજમાં યોજાયેલ આ પ્લેસમેન્ટ શિબિરમાં 'પ્લેસમેન્ટ ઓપ્ટીમેક્સ પેસ્ટ મેનેજમેન્ટ' અને 'રિલાએબલ ફર્સ્ટ' જેવી નામાંકિત જોબ પ્લેસમેન્ટ એજન્સીઓએ ભાગ લીધો હતો. આ એજન્સીઓએ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લીધા હતા જેમાંથી પસંદગીના ઉમેદવારોને વિવિધ ક્ષેત્રની કંપનીઓમાં નોકરી આપવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના પ્રો. માર્ગી દેસાઈ, પ્રો. આશિષ ભુવા તથા વિદ્યાર્થીઓએ પ્રિન્સિપાલ ડૉ. રમાકાન્ત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ સફળ કામગીરી બજાવી હતી.

## કોઇ વ્હાલા મિત્રની મતવાલી મૈત્રીના નશાને અનુભવીએ અને વીતી ગયેલા વર્ષના તમામ અનુભવોને હસતાં-હસતાં ગુડબાય કહીને નવા વર્ષને ખરા અર્થમાં હૂંફાળો આવકાર આપીએ!

**વિચારસભા**

**નૂતન વર્ષને હૂંફાળો આવકાર**

- નેહલ જયદીપ ગઢવી

વર્ષ ૨૦૧૪ના અંતિમ ચરણમાં આવી પહોંચેલા આપણે સૌ આતુરતાથી અને ઉલ્લાસપૂર્વક નવા વર્ષ તરફ આગળ વધી રહ્યા છીએ. ચાલો, જૂના વર્ષના સારા-નરસા, ખાટા મીઠા અનુભવોને 'બાય' કહીને આપણી જાતને 'મુવ ઓન' કહી આગળ વધી જિં. પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ આપણા પર ખૂબ વિશેષ પ્રમાણમાં રહ્યો છે. આપણી ભાષા, ખોરાક, રહેણીકરણી અને પોષાક એ બધામાં પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ દેખાઇ આવે છે. તેમાંય ક્રિસમસ પાર્ટી અને ન્યુ યર પાર્ટીનું આકર્ષણ તો કંઇક અનોખું જ હોય છે. દર વર્ષે કોઇને કોઇ અનિચ્છનીય બનાવો બનવા છતાં આ પ્રકારની પાર્ટીઝના સેલીબ્રેશનમાં ક્યારેય કોઇ કમી જણાઇ નથી. અને હવે તો થીમ બેઇજ પાર્ટીસ, ડ્રિંક્સ અને ડ્રગ્સની પાર્ટીએ પણ યુવાનોમાં વિશેષ આકર્ષણ જમાવ્યું છે. જે સમગ્ર સમાજ માટે ચિંતાપ્રેરક છે. માટે, આ વર્ષે સેલિબ્રેશન તો ચોક્કસ કરીએ પણ નશાનો પ્રકાર બદલીએ તો કેવું?

નશો માત્ર આ કૃત્રિમ વસ્તુઓનો જ થોડો હોય છે? આ જીવનને મનભરીને માણીએ અને જીવીએ તો જીવન ખુદ આપણને એના નશામાં ગળાડૂબ ડૂબાડી મૂકે છે! બાળપણની મસ્તીભરી યાદોનો નશો તો વળી યુવાનીની મુગ્ધતાનો નશો અને ત્યારબાદ કંઇક પામવા માટેના એક ઝનૂની વલણનો નશો. સફળતા-નિષ્ફળતા, આનંદ-ઉદાસી અને જીવનના ઉતાર-ચડાવ આ બધાનો નશો! આપણે આરોગ્યની બદબાદી કરનારા આ કૃત્રિમ નશાની શી જરૂર? નશો એટલે વર્તમાનને ભૂલીને કોઇ અન્ય દુનિયામાં, સ્વપ્ન લોકમાં રાચવું. આપણી અતિ-વ્યસ્ત અને દોડધામ ભરેલી આ લાઇફ સ્ટાઇલ વચ્ચે પણ અચાનક જ સવારનું છાપુ વાંચતા - વાંચતા કે કાર ડ્રાઇવ કરતી વખતે રેડિયો પણ કોઇ ગીત સાંભળતાં જ આપણને કોઇ જૂના સ્કૂલ-કોલેજના મિત્રની કે જીવનની કોઇ અવિસ્મરણી પળની યાદ આપણને વર્તમાનમાંથી સીધા જ ભૂતકાળમાં પહોંચાડી નથી દેતી?

કવયિત્રી સુચિતા કપૂર લખે છે તેમ,

"જિંદગી
મારી સાથે સંતાકૂકડી રમવા લાગી.
ક્યારેક ઓચિંતુ હાઉક કરે,
ક્યારેક એનો બિહામણો ચહેરો વધુ બિહામણો કરી,
મને ભયભીત કરે,
પણ આ મુખવટા પાછળ
મલકાતી, હસતી, સુંદર જિંદગી ઉભી'તી.
ખરેખર, મુખવટા પાછળની જિંદગી
ખૂબ ખૂબસૂરત લાગતી હતી."

સાત વર્ષની દીકરીને સપનામાં પરીઓ આવે એ તો સમજ્યા પણ સત્તર વર્ષની મુગ્ધાને ખુલ્લી આંખે પણ સ્વપ્નના રાજકુમારના વિચારોમાં ખોવાઇ જતી આપણે સૌએ અનુભવી જ છે. તો વળી, બેંતાળીસ વર્ષની મમ્મીને શાક-માર્કેટમાં અચાનક જ પોતાના શાળા-કોલેજના મિત્રનો ભેટો થઇ જતાં તેણે પણ એક અલગ દુનિયામાં સરી પડતા પણ જોઇ જ છે! અને સાત વર્ષની દીકરી બા જોડે પરીઓની વાતો કરી તેમાં સાવ ખોવાઇ ગયેલા દૂર વર્ષના બાની આંખોમાં પણ યાદોનો એ જ નશો પણ આપણે જોયો છે! તો આપણે ક્યાં જરૂર છે આ માદક દ્રવ્યોના સેવનની? ઉંમરના દરેક પડાવની અલગ-અલગ અવસ્થાઓ આપણે માણીએ, અનુભવીએ અને વાગોળીએ તો એનો નશો ક્યારેય ઓછો જ ન થાય! કવિશ્રી ફિલિપ કલાર્ક લખે છે તેમ -

"મૂલ્ય મારે શ્વાસના કરવા હતા;
ને અજંપા ઉરમાં ભરવા હતા.
નાવ કાગળની બનાવીને પછી;
સાગરો કૈ રેતના તરવા હતા;
ટાંકણું એકાંતનું કરવું અને;
યાદના આકારને ઘડવા હતા;
અન્યની તો વાત પણ કરવી નથી;
જાત સાથે યુદ્ધ કૈં લડવા હતા."

નશાની વાત કરીએ અને આંખોનો ઉલ્લેખ ન કરીએ તો વાત અધૂરી જ ગણાય! આપણે ત્યાં આંખોના નશા પર તો કેટલાયે ગીતો પણ લખાયા અને ગવાયા છે. આ આંખો એ મનના ભાવ અભિવ્યક્ત કરનાર અને મનમાં પહોંચવાના દ્વાર સમાન છે. કોઇ વ્યક્તિગમતી હોય ત્યારે આંખોના ભાવ જુદા, તો વળી કોઇ વ્યક્તિ સામે આવતાં જ લજ્જાથી ઝુકી જતી આંખોના ભાવ પણ જુદા! મિલન માટે પ્રિય વ્યક્તિના આગમનની પ્રતીક્ષા કરતા નયન અને વિરહ વેદનાને વ્યક્ત કરતા અશ્રુધાર વહાવતા નયનના ભાવ, દરેકનો કંઇક અલગ જ કૈફ-નશો! ખુલ્લી આંખે આપણી સામે બેઠેલી વ્યક્તિ આપણી સાથે પ્રત્યક્ષરૂપે હાજર હોવા છતાં પરોક્ષરૂપે તે કોઇ અન્ય સ્થળે જ અન્ય વ્યક્તિના સ્વપ્નમાં રાચતી હોય એવું બણ બને! હા, એ વાત અલગ એ છે કે આ બાબતનો ખ્યાલ આપણે એની આંખમાં આંખ પરોવીને થોડી ક્ષણો માટે તેની સામે જોઇએ તો જ આવી શકે! પરંતુ, ઇન્ટરનેટ અને મોબાઇલના આ યુગમાં આંખો વાંચવાનો સમય હવે છે જ કોની પાસે? પણ જો સમય કાઢીને આ આંખોવાંચીએ તો સારામાં સારી બ્રાન્ડના નશાની ચુસ્કીઓ કરતાં પણ વધુ રસાસ્વાદ આ આંખોના નશામાં માણી શકીએ!

"ગુલાબી આંખે જો તેરી દેખી,
શરાબી યે દિલ હો ગયા,
સંભાલો મુઝકો ઓ મેરે યારોં,
સંભલના મુશ્કિલ હો ગયા."

જીવન એટલે ઇશ્વરે બક્ષેલી અમૂલ્ય ભેટ અને આ ભેટને મનભરીને માણીએ અને ક્ષણે-ક્ષણને ન જીવીએ તો આપણો આખો આ જન્મારો જ નિરર્થક ગણાય! ઇશ્વરે આ સૃષ્ટિમાં અખૂટ સૌંદર્ય ભર્યું છે તો આ સૃષ્ટિના આ અગાધ - અમાપ સૌંદર્યનું રસપાન કેમ ન કરીએ? કોઇ પ્રિય લેખકની રચનામાં કે કોઇ મનગમતાં કવિની કવિતામાં જે નશો છે એ નશો એ શું મળે આ આર્ટીફીસીયલ ફ્લેવરમાં? અને જીવનના અંતિમ ચરણમાં - અંતિમ મુકામ તરફ વધતા પતિ-પત્નીમાંથી કોઇ એક સ્વજનો સંગાથ છૂટે, સ્વજનો, વ્હાલા મિત્રોનો સંગાથ છૂટે ત્યારે આ મન પર છવાયેલો રહે છે જીવનના અનુભવોનો નશો! સારા-નરસા અનુભવોને યાદ કરતાં કરતાં વર્તમાનની શારીરિક કે માનસિક તકલીફો અને દુ:ખો ક્યાં અદૃશ્ય થઇ જાય છે તેની ખબર સુદ્ધાં નથી રહેતી. કવયિત્રી સુચિતા કપૂરની વધુ એક હૃદયસ્પર્શી રચના :

"એક ડોસીની
ઝીણી થઇ ગયેલી ઊંડી ઊતરી ગયેલી આંખોમાં
ઊંડે ઊંડે હજુ એક પ્રતિબિંબ ઝળહળે છે.
ડોસાના કપડામાંથી હજુ એનું હૃદય
એની સુગંધી શ્વસી લે છે.
ડોસાએ ભરેલી આડી-ઉભી ચાવીવાળા થોડા છાપા,
એ વારંવાર લવલેટર માફક વાંચ્યા કરે છે.
ડોસી ક્યારેક ડોસાના ફોટાને તાકી રહે છે,
એની આંખોનાં ઊંડાણ છલકાઇ જાય છે
ને ડોયા, "તું અહીંયે શાંતિથી રહેવા નહિ દે" કહેતો,
ડોસીને છણકાવતો, ફોટામાંથી બહાર આવી,
ડોસીને ગળે લગાવે છે.
ને ડોસી પાછું થોડું જીવી જાય છે."

લોકોને વિચિત્ર લાગતી આ 'ડોસી' આપણી આસપાસ રહેતા વડીલોમાં જ છે! અને તેમની આંખોમાં ચોક્કસપણે એક નશો છે - આ નશો છે યાદોનો, અનુભવોનો અને કોઇના સાહચર્યનો! કોઇની મીઠી યાદોને વાગોળીએ, તો કોઇની મતવાલી આંખોના નશામાં ડૂબી જઇએ! કોઇ વ્હાલા મિત્રની મતવાલી મૈત્રીના નશાને અનુભવીએ અને વીતી ગયેલા વર્ષના તમામ અનુભવોને હસતાં-હસતાં ગુડબાય કહીને નવા વર્ષને ખરા અર્થમાં હૂંફાળો આવકાર આપીએ!